આગામી વિધાનસભા ચૂંટણીઓ યોજવાની પ્રાથમિક તૈયારી શરૂ

ચૂંટણી પંચની ટીમ આજથી પાંચ દિવસ સૌરાષ્ટ્રમાં : મતદાન મથકો-મતદાર યાદીની સમીક્ષા

રાજકોટ તા.૨૫

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આજથી પાંચ દિવસ માટે કેન્દ્રીય ચૂંટણી પંચની પાંચ અધિકારીઓની ટોચની ટુકડીએ આગમન કર્યુ છે. વિધાનસભા ચૂંટણીમાં થનારા ખર્ચની પ્રાથમિક વિગતો ઉપરાંત મતદાન મથકો, મતદાર યાદી, ચૂંટણી માટે જરૂરી એવો સ્ટાફ અને વાહનો સહિતની વિગતોની સમીક્ષા કરશે તેવુ રાજકોટ જિલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડેએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યું છે.

રાજકોટ સહિત ગુજરાતભરમાં આગામી ડિસેમ્બર–૨૦૧૭માં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવનાર છે. વિધાનસભા ચૂંટણીની પ્રાથમિક તૈયારીઓ શરૂ કરવા માટે કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ જિલ્લાના ચૂંટણી અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી છે. જેમાં મતદાન મથકો, મતદાર યાદી, ચૂંટણી માટે જરૂરી સ્ટાફ તેમજ વાહનો સહિતની વિગતો તૈયાર કરવાની સુચના આપવામાં આવી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચની એક ટીમ આજે રાજકોટ આવી રહી છે. આ ટીમમાં પાંચ જેટલા ટોચના અધિકારીઓ સામેલ થયા છે. જે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના તમામ જિલ્લાઓમાં ચૂંટણી અધિકારીઓ સાથે મીટીંગ કરશે. આ મીટીંગમાં મહત્વનો મુદો આગામી વિધાનસભા ચૂંટણીમાં થનારા ખર્ચની પ્રાથમિક વિગતો તૈયાર કરવાની રહેશે તેવુ જાણવા મળેલું છે.

રાજકોટ સહિત રાજયભરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેના પ્રથમ ચરણમાં વિધાનસભા ચૂંટણીનું બજેટ નકકી કરવામાં આવશે. વિધાનસભા ચૂંટણીમાં એક બેઠક દીઠ કેટલો ખર્ચ થશે તેની વિગતો ચૂંટણી પંચે માંગી છે. મતદાન મથક માટે જરૂરી કર્મચારીઓના મહેનતાણા, વાહન રીકવીઝટનો ખર્ચ, ડિઝલ ખર્ચ, ઓબ્ઝર્વર આવે તેનો ખર્ચ ઉપરાંત અન્ય આનુસાંગીક ખર્ચાઓ કેટલા થશે તેનુ બજેટ તૈયાર કરવાની મહત્વની ચર્ચાઓ કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ કરશે.

રાજકોટમાં આજે સાંજે આવી પહોંચનાર કેન્દ્રીય ચૂંટણી પંચની પાંચ અધિકારીઓની ટોચની ટુકડીઓ રાજકોટ આવ્યા બાદ આવતીકાલે જુનાગઢ રવાના થશે. જુનાગઢ જિલ્લા કલેકટર સાથે બેઠક યોજીની વિધાનસભા ચૂંટણીમાં થનારા ખર્ચ, મતદાર યાદી, મતદાન મથકો, ચૂંટણી માટે જરૂરી સ્ટાફ, વાહનો સહિતના વિવિધ ડઝન બંધ મુદાઓની જે જિલ્લા કલેકટરે તૈયારી કરી છે તેના વતી સમીક્ષા કરશે અને જરૂરી સુધારા વધારાઓ સુચવશે. જુનાગઢની મુલાકાત બાદ કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ જામનગર, સુરેન્દ્રનગર, અમરેલી સહિતના જિલ્લાઓની મુલાકાત લઈને તા.૨૯ના રોજ રાજકોટ ખાતે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી સાથે મહત્વની મીટીંગ કરશે. દરમ્યાન ગઈકાલે રાજકોટ જિલ્લાની આઠ વિધાનસભા બેઠકોમાં અડધા લાખથી વધારે મતદારોનો ઉમેરો થયો હોય, ૫૩ જેટલા મતદાન મથકો વધારવાનીદરખાસ્ત ચૂંટણીપંચમાં કરવામાં આવનાર છે. જે નવા મતદાન મથકો ઉમેરવામાં આવનાર છે. તે સંદર્ભે માન્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે રાજકોટ જિલ્લા કલેકટરે ગઈકાલે કલેકટર કચેરીમાં મહત્વની મીટીંગ યોજી હતી. કેટલાક મતદાન મથકો સામે ભાજપ તેમજ કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ફરીથી સ્થળ તપાસ કરીને નવુ સ્થળ સુચવવાની રજુઆતો કરી હતી. આ સંદર્ભે આવા મતદાન મથકોની યાદી અલગથી બનાવીને આ બુથને ચકાસવા માટેની સુચના રાજકોટ જિલ્લા કલેકટરે આપી છે અને ફરીથી આગામી તા.૩૦ના રોજ માન્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે રાજકોટ જિલ્લા કલેકટરે મહત્વની મીટીંગ યોજી છે. આ મીટીંગમાં જો મતદાન મથકો સામે કોઈ વાંધા વિરોધ નહી આવે તો રાજકોટ જિલ્લાના હાલ ૨૦૮૮ મતદાન મથકોમાં ૫૩ મતદાન મથકોનો વધારો કરવામાં આવશે. હાલમાં મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન આવેલા મતદારોના નામ ઉમેરા, નામ કમી, સ્થળાંતર સહિતના ફોર્મની ચકાસણી તેમજ ડેટા એન્ટ્રીનું કામ ચાલી રહયું છે. મતદાર યાદી ચૂંટણી પંચની સુચના બાદ લોક કરાયા બાદ પુરવણી સુધારણા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે અને ત્યારબાદ ચૂંટણીનું જાહેરનામુ બહાર પડયા પછી ઉમેદવારી પત્રક ભર્યાના ૧૦ દિવસ પહેલા સુધી મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે તેવુ પણ સુત્રોએ અંતમાં જણાવ્યું છે.

જુનાગઢમાં આવતીકાલે બેઠક બાદ રાજકોટમાં ૩૦મીએ ટોચના તમામ અધિકારીઓ સાથે મહત્વની મીટીંગ યોજાશે

મતદાન મથકો–મતદાર યાદી–ચૂંટણી સ્ટાફની વિગતો અને વાહનો સહિતના ડઝનબંધ મુદાઓ મામલે સમીક્ષાઓ કરશે

રાજકોટમાં ૧૮ જુને યુ.પી.એસ.સી.ની પરીક્ષા મામલે દિલ્હીમાં બેઠક; કલેકટરની ઉપસ્થિતિ

૨૯મીએ રાજકોટ કલેકટર સાથે પરીક્ષા સંદર્ભની મહત્વની ચર્ચાઓ કરશે કમિશન

રાજકોટ તા.૨૫

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના યુ.પી.એસ.સી.ના પરીક્ષાર્થીઓની ૧૮ જુને રાજકોટના ૨૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં યુ.પી.એસ.સી.ની પરીક્ષા યોજવામાં આવી છે. આ પરીક્ષાની પુર્વ અને પ્રાથમિક તૈયારીઓની ચર્ચાઓ કરવા માટે યુ.પી.એસ.સી.ના કમિશ્નરે રાજકોટ જીલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડેને ૨૯મીએ દિલ્હી ખાતે ઉપસ્થિત રહેવા મેસેજ કર્યો હોવાનું ટોચના સુત્રોમાંથી જાણવા મળેલું છે.

રાજકોટને છેલ્લા ૨ વર્ષથી સૌરાષ્ટ્ર કક્ષાનું યુ.પી.એસ.સી. પરીક્ષાનું કેન્દ્ર ફાળવવામાં આવ્યુ છે. દર વર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલા પરીક્ષાર્થીઓ યુ.પી.એસ.સી.ની પરીક્ષા રાજકોટમાં આપે છે. આ પરીક્ષાનું સંચાલન રાજકોટ જીલ્લા કલેકટર દ્વારા કરવામાં આવે છે. યુ.પી.એસ.સી.ના પ્રશ્નપત્રો તેમજ જવાબવહીઓ શીલપેક કરીને કલેકટર કચેરીના સ્ટ્રોંગ રૂમમાં સાચવવામાં આવે છે અને ત્યાર બાદ દિલ્હી ખાતે મોકલી આપવામાં આવે છે. જયા તેની ચકાસણી કર્યા પછી ઉર્તીણ થનારા પરીક્ષાર્થીઓની યાદી જાહેર કરવામાં આવે છે.

રાજકોટમાં ૧૮ જુને યુ.પી.એસ.સી.ની પરીક્ષા ૨૦થી વધુ પરીક્ષા કેન્દ્રોમાં લેવામાં આવનાર છે. આ પરીક્ષાની પ્રાથમિક તૈયારીઓ કરવા માટે રાજકોટ જીલ્લા કલેકટર ડો.વિક્રાંત પાડેએ કામગીરી શરૂ કરી છે.૨૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં સી.સી.ટી.વી.કેમેરા , સુપરવાઈઝર માટેનો નાયબ કલેકટર કક્ષાનો સ્ટાફ, તેમજ ઓવઝરવરો અને અન્ય આનુસંગીત સ્ટાફની પસંદગી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

૧૮ જુને રાજકોટમાં લેવાનારી યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ૨૫૦૦ થી વધારે ઉમેદવારો પરીક્ષા આપનાર છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના જીલ્લાઓમાંથી યુ.પી.એસ.સીની પરીક્ષાઓ માટે ઉમેદવારો રાજકોટ આવનાર છે. આવા ઉમેદવારો માટે રાજકોટ શહેરના અલગ–અલગ વિસ્તારોમાંથી પરીક્ષા સેન્ટર સુધી લાવવા લઈ જવા માટે બસની વ્યવસ્થા સહિતની પરીક્ષાની આગોતરી તમામ તૈયારીઓની સમીક્ષા કરવા યુ.પી.એસ.સી.ના વડાએ રાજકોટ જીલ્લા કલેકટરને ૨૯મીએ દિલ્હી ખાતે બોલાવ્યા છે. અને મહત્વની ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે તેવું સુત્રો એ અંતમાં જણાવ્યુ છે.

જસદણ પંથકની પવનચકકીઓના કારણે ગ્રામજનોને ત્રાસ : માલિકોને બોલાવતા કલેકટર

અડધો ડઝન ગામના સરપંચો–ધારાસભ્ય અને પવનચકકી માલિકો સાથે આજે મીટીંગ

રાજકોટ તા.૨૫

રાજકોટ જિલ્લાના જસદણ પંથકમાં ડઝન બંધ કંપનીઓએ પોતાના પવનચકકીઓના પ્લાન્ટ નાંખ્યા છે. આવા પવનચકકીના પ્લાન્ટના માલિકો દ્વારા નજીકના ગ્રામજનોને પારાવાર મુશ્કેલીમાં મુકાતા હોવાની તેમજ પવનચકકીના સ્ટાફ દ્વારા ગ્રામજનોને હેરાનગતિ કરવામાં આવતી હોવાની ચોંકાવનારી ફરિયાદ રાજકોટ જિલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડે સુધી પહોંચતા આજે બપોરે રાજકોટ જિલ્લા કલેકટરે અડધો ડઝન ગામના સરપંચો, ગામના આગેવાનો, ધારાસભ્યો તેમજ પવનચકકીના માલિકોને રૂબરૂ બોલાવી સંયુકત મીટીંગ યોજી હોવાનું અધિક નિવાસી કલેકટર હર્ષદ વોરાએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું.

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં ૨૦થી વધારે ખાનગી કંપનીઓની પવનચકકીઓ હાલમાં ચાલી રહી છે. પવનચકકીની જમીન ફાળવવામાં આવી ત્યારે પણ સ્થાનિક ગ્રામજનોએ ભારે વાંધા વિરોધ ઉઠાવ્યા હતા. ત્યારે કેટલીક ચોકકસ શરતોને આધારે પવનચકકીના માલિકોને સરકારી જમીન ફાળવવામાં આવશે. પવનચકકી ઉભી થઈ ગયા બાદ સંચાલકો તેમજ સીકયુરીટી ગાર્ડ દ્વારા સ્થાનિક ગ્રામજનોને પરેશાન કરવામાં આવતા હોવાની ચોંકાવનારી ફરિયાદ લાંબા સમયથી ઉઠી છે.

અમુક કિસ્સામાં પોલીસ ફરિયાદો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. ગામના માલઢોરને પવનચકકી વિસ્તારમાં પ્રવેશતા અટકાવવા તદઉપરાંત સીકયુરીટી જવાનો દ્વારા હુમલા કરવામાં આવતા હોવાની વિગતો બહાર આવી છે. આ મામલે જસદણ પંથકના પવનચકકીના માલિકો સામે ભારે વિરોધ વંટોળ ઉભો થયો છે.દરમ્યાન રાજકોટ જિલ્લા કલેકટર સમક્ષ આવી ફરિયાદો લાંબા સમયથી કરવામાં આવી રહી છે. આ ફરિયાદના નિવારણ સંદર્ભે આજે રાજકોટ જિલ્લા કલેકટરે અડધો ડઝન ગામના સરપંચો, ગામના આગેવાનો તેમજ ધારાસભ્યોને પવન ચકકીના માલિકો સાથે સંયુકત મીટીંગ કરીને પવનચકકીથી ઉભા થતા પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે બોલાવ્યા છે. આ મીટીંગ જિલ્લા કલેકટર દ્વારા જે કાંઈ પ્રશ્નો હશે તેનો હકારાત્મક ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવશે તેવુ અધિક નિવાસી કલેકટરે વાતચીતના અંતમાં જણાવ્યું હતું.

BSNL નો વધુ એક ધમાકો : હવે માત્ર રૂા. ૧૧માં ૧૦૦ મિનીટનો ટોકટાઈમ

રૂા. ૨૪માં દેશભરમાં કોઈપણ નેટવર્કમાં દે ધનાધન વાતચીત કરી શકશે સાથે ત્રણ માસની વેલીડીટી : ગુજરાત સર્કલમાં આજથી યોજના લોંચ

રાજકોટ, તા.૨૫

ટેલીકોમ સેકટરમાં 'રિલાયન્સ જીઓ'ના પ્રવેશની સાથે મોબાઈલ કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધાના મંડાણ થયેલ છે. ગ્રાહક વર્ગને આકર્ષવા માટે ખાનગી મોબાઈલ કંપનીઓ ધડાધડ નવી નવી યોજનાઓ લોંચ કરી રહી છે.

ગ્રાહક વર્ગને લોભાવવા માટે ખાનગી મોબાઈલ કંપનીઓ એકપણ તક છોડતી નથી જેમાં સરકારી ટેલીકોમ કંપની બી.એસ.એન.એલ. પણ પાછળ નથી બી.એસ.એન.એલ. પણ ગ્રાહક વર્ગને અંકે કરવા માટે નવી નવી યોજના લોંચ કરી રહયું છે.

જેમાં બી.એસ.એન.એલ. દ્વારા અગાઉ રૂા. ૩૩માં ૩જીબી ડેટા ૯૦ દિવસ સુધી આપવાની યોજના લોંચ કરવામાં આવ્યા બાદ હવે આજથી ગુજરાત સર્કલમાં બી.એસ.એન.એલ.એ ધમાકો કરી માત્ર રૂા. ૧૧માં ૧૦૦ મીનીટનો ટોકટાઈમ આપવાની યોજના લોંચ કરી દીધી છે. આ યોજનામાં બી.એસ.એન.એલ. નેટવર્કમાં લાગુ કરી ૯૦ દિવસની વેલીડીટી આપવામાં આવી છે. તેમજ રૂા. ૨૪માં ૧૦૦ મીનીટ કોઈપણ નેટવર્કમાં દેશભરમાં ૯૦ દિવસ સુધી વાત કરી શકાશે આ બંને સુપર ધમાકા રૂપ યોજના બી.એસ.એન.એલ. દ્વારા પ્રી–પેઈડ મોબાઈલ ગ્રાહકો માટે લોંચ કરતા હવે નવી ક્રાંતિ મંડાણ થયા છે. મોબાઈલ કંપનીઓ ચડીયાતી સાબિત થવા માટે ધડાધડ નવી યોજનાઓ રોજબરોજ લોંચ કરી રહી છે જેમાં બી.એસ.એન.એલ.એ વધુ એક કદમ આગળ વધી આ ધમાકારૂપ યોજના આજથી લાગુ કરી દીધી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે બી.એસ.એન.એલ. દ્વારા રૂા.૩૩૩માં અનલિમિટેડ રોજના ૩ જીબી ડેટા ૯૦ દિવસ સુધી અને રૂા. ૩૯૫માં રોજના ૨ જીબી ડેટા અનલિમિટેડ ૭૧ દિવસ સુધી સાથે ૩૦૦૦ મિનિટ બી.એસ.એન.એલ. અને ૧૮૦૦ મીનીટ અન્ય નેટવર્કમાં દેશભરમાં કોલ ફ્રીની ભારે સફળતા બાદ નાના ગ્રાહકો માટે આ સ્પેશ્યલ ઓફર કરવામાં આવી છે. સાથે ૧૯૦ રૂપિયામાં ૨૨૦નો ટોકટાઈમ પણ આજથી ૩૧–૫–૧૭ સુધી આપવામાં આવ્યો છે. ગ્રાહકોના બી.એસ.એન.એલ. પ્રતિ વિશ્વાસથી વધુ એક ફાયદાની સ્કીમ આપવામાં આવી છે. આમ વોઈસ કોલમાં ૮૦% જેવો ઘટાડો કરવામાં આવ્યો છે.

જસદણ પાલિકાને ૨૮ લાખનું નુકશાન મામલે તત્કાલીન પ્રમુખ ઝપટે; કાર્યવાહીનો હુકમ

વર્ષ ૨૦૧૧-૧૨ ના સમયગાળા દરમ્યાન મિલ્કત આકારણીના કામમમાં મોટો ગોટાળો

રાજકોટ તા.૨૫

રાજકોટ જીલ્લાના જસદણમાં વર્ષ ૨૦૧૧–૧૨ના સમયગાળા દરમ્યાન પાલિકાની તિજોરીને ૨૮ લાખના વધુ ખર્ચના ખાડામાં ઉતારી દેવાના ચકચારી પ્રકરણમાં નાણાકિય ગેરરિતીના મુદ્દે તત્કાલીન પ્રમુખ ભાજપના અશ્વિનભાઈ સોજીત્રા સામે કાનુની કાર્યવાહી કરવાનો આદેશ પ્રાદેશિક નગરપાલિકા નિયામક બારહદને જીલ્લા કલેકટર ડો.વિક્રાંત પાડેએ કરતા આ કૌભાંડનું ભુત ધુણતું થયું હોવાનું બહાર આવ્યુ છે.

જસદણ પાલિકા વિસ્તારની મિલ્કત આકારણીના કામમાં ખાનગી ઈજનેરોને કામ સોંપવાનો ઠરાવ ૨૦/૫/૨૦૧૧ના રોજ થયા બાદ ૧૨/૭/૨૦૧૨/૧૩ થી ઠરાવેલ બહાલી અપાઈ હતી. આ મિલ્કત આકારણીના કામમાં ગુજરાત મ્યુ.હા.બોર્ડના ઈજનેરોએ આપેલા ભાવ કરતા ખાનગી ઈજનેરોએ ભાવ વધુ હોવા છતા પણ નિયમ વિરૂધ્ધ જઈ કામ સોંપી દેવાયું હતું જેથી પાલિકાની તિજોરીને ૨૮ લાખનું નુકશાન થયું હતું.

દરમ્યાન આ મામલે ફરીયાદ ઉઠતા આ મુદ્દે તપાસ કરવાનો હુકમ ગોંડલ પ્રાંતને સોંપવાનો થયો હતો. તત્કાલીન ગોંડલ પ્રાંત અધિકારીની વિસ્તૃત તપાસ–પુરાવાઓ–નિવેદનો બાદ તત્કાલીન પ્રમુખ શંકાના ઘેરાવામાં આવતો રિપોર્ટ જીલ્લા કલેકટરને થયો હતો. આ રિપોર્ટના આધારે તત્કાલીન પાલિકા પ્રમુખ સામે કાનુની કાર્યવાહી કરવાની દરખાસ્ત જીલ્લા કલેકટરે નગરપાલિકા નિયામકને કરતા ભારે ચકચાર મચી છે.

જૂનમાં રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કાનુન અંગે પરિસંવાદ

કુલભૂષણ કેસઃ ભારતની રાજદ્વારી કૂનેહનો મહત્વપૂર્ણ વિજયઃ કમલેશ જોષીપુરા

નાગરીક કે લશ્કરી અધિકારીને બચાવવા માટે પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય અદાલતનો ઉપયોગ થયો



રાજકોટ તા.૨૫

કુલભૂષણ જાદવને ફાંસી આપવાના નિર્ણય સામે ભારત સરકારે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં જે આંતર રાષ્ટ્રીય સમજૂતી અંતર્ગત પીટીશન દાખલ કરેલ છે તેમાં પાકિસ્તાને પણ મે–૨૦૧૬માં સહી કરી અને અને આ આંતરરાષ્ટ્રીય સમજૂતી પોતાની સહમતી આપેલી છે ત્યારે ભારત સરકારનું પગલું આંતર રાષ્ટ્રીય કાનુનના ક્ષેત્રમાં સીમાચિન્હરૂપ બની રહેશે તેવું એક મંતવ્યમાં ડો. કમલેશ જોશીપુરાએ જણાવ્યું છે.

દિલ્હી ખાતે આંતર રાષ્ટ્રીય કાનુનના ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ખાતિ પાત્ર તજજ્ઞો સાથે ચર્ચામાં ભાગ લીધા બાદ ડો. જોશીપુરાએ આ મુજબનું મંતવ્ય વ્યકત કર્યુ હતું. આઝાદી પછી પ્રથમ વખત આ પ્રકારનો ઈસ્યુ આંતર રાષ્ટ્રીય કોર્ટ સમક્ષ લઈ જઈ અને ભારતે આંતર રાષ્ટ્રીય કાનુનની મહતા પ્રસ્થાપિત કરવામાં પ્રારંભિક સફળતા મેળવી છે તે ખાસ અભિનંદનને પાત્ર છે. જૂન માસમાં રાજકોટ ખાતે આંતર રાષ્ટ્રીય કાનૂન સંદર્ભે રાષ્ટ્રીય સ્તરની સંગોષ્ઠિ પણ આયોજિત કરવામાં આવી છે.

કુલભૂષણ જાદવને ફાંસી આપવાનાં પાકિસ્તાનનાં નિર્ણય સામે ભારત સરકારે પ્રથમ વખત દ્વિપક્ષીય બાબતને આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત ઈન્ટર નેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ સમક્ષ લઈ જવાનો નિર્ણય લીધો છે. જે રાજદ્વારી ક્ષેત્રે સિમા ચિન્હરૂપ નિર્ણય છે. મુળભૂત રીતે કુલભૂષણ જાદવનાં કિસ્સામાં પાકિસ્તાને સામાન્ય શિષ્ટાચારને નેવે મુકી અને કોસ્યુલર એકસેસ એટલે કે રાજદ્વારા કક્ષાએ પણ કોઈપણ પ્રકારની વાતચીત કે વાટાઘાટો માટે સતત ઈન્કાર કર્યો અને છતાં પાકિસ્તાને દાદ ન આપતા ભારતે પ્રથમ વખત કોઈ દ્વિપક્ષીય બાબત માટે આંતરરાષ્ટ્રીય અદાલતનો આશરો લીધો છે.

વધુમાં ભારતે આંતરરાષ્ટ્રીય અદાલત સમક્ષ બનાવટી આરોપો, એક તરફી અને અન્યાયી લશ્કરી અદાલતની પ્રક્રિયા અને ઉપજાવી કાઢેલી હકીકતોના આધાર ઉપર તૈયાર કરેલ મુકદમો એમ ત્રણ બાબતો માટે ન્યાયની માંગણી કરેલી છે.

આંતર રાષ્ટ્રીય અદાલતની સતા કેટલી અસરકારકતા કેટલી? તે બાબતોની ચાલી રહેલી સતત ચર્ચા વચ્ચે ભારતની વ્યૂહરચના કયા પ્રકારની છે તે જાણવું ખૂબ જ રસપ્રદ બની રહે છે. તેમજ ભારતના કોઈ લશ્કરી અધિકારી કે નાગરિકને બચાવવામાં આંતરરાષ્ટ્રીય અદાલતનો આશરો લેવામાં આવ્યો હોય તેવી આ પ્રથમ ઘટના છે. હકીકતની દ્દષ્ટિએ કુલભૂષણ જાદવ ભારતીય પાસપોર્ટનાં ધારક હતા અને વિએના કરાર મુજબ એકબીજા દેશોમાં આ પ્રકારની કોઈ ઘટના બને ત્યારે જે દેશની વ્યકિત ઉપર શંકા જાય કે પ્રવૃતીઓ માટે આપતી હોય ત્યારે જે નાગરીક સામે આરોપ તે નાગરિકના દેશનાં રાજદ્વારીનું ધ્યાન દોરી અને આવા નાગરિક માટે કોસ્યુલેટ ઓફીસના ધ્યાન ઉપર ઘટના મુકવાની જોગવાઈ છે.

ભારતે આ દિશામાં પ્રમાણિક પ્રયત્નો કર્યા અને વીએના સંધી મુજબ ભારતના રાજદ્વારી રક્ષણ આપવાના અધિકારનો પાકિસ્તાને સતત ઈન્કાર કર્યો અને તેની સામે ભારતે શ્રેષ્ઠ કાનુની રસ્તો અપનાવ્યો છે તેમ કહી શકાય.

સાધારણ રીતે સંયુકત રાષ્ટ્રસંઘના સભ્ય દેશો સાર્વભૌમત્વ અંગે, સરહદો અંગે, જમીનો અંગે, દરિયાઈ સતાક્ષેત્ર અંગે વગેરે બાબતો માટે આંતરરાષ્ટ્રીય અદાલતમાં જતા હોય છે. પરંતુ આ એક વિશિષ્ટ પ્રકારની બાબત આંતરરાષ્ટ્રીય અદાલત સમક્ષ આવી છે. આ પહેલા અમેરિકા દ્વારા નીકારગવા કેસ, ઈરાન હોસ્ટેસીઝ કેસ સહિતના કેસોમાં સફળતા મળેલી છે ત્યારે આંતર રાષ્ટ્રીય અદાલત સમક્ષ કુલભૂષણ જાદવના કેસમાં પણ ભારતનો કાનુની વિજય થશે તેવું લાગ્યા વગર રહેતું નથી તેવું અંતમાં જોશીપુરાએ જણાવ્યું છે.

પ્રથમ વનડેમાં દ.આફ્રિકાને પરાજીત કરતું ઈંગ્લેન્ડ

કેપ્ટન મોર્ગનની ઝડપી સદી



હેડીંગ્લેઃ ચેમ્પીયન ટ્રોફી પુર્વે જ સાઉથ આફ્રિકા સાથે ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રણ-વનડેની શ્રેણીમાં ગઈકાલે પ્રથમ મેચમાં કાલે ઈંગ્લેન્ડે સાઉથ આફ્રિકાને ૭૨૩ રનથી પરાજીત કર્યુ હતું. ૫૦ ઓવરની ચેમ્પીયન ટ્રોફી પુર્વે ઈંગ્લેન્ડની ટીમે જબરજસ્ત ફોર્મ બતાવ્યું હતું.

આ ટીમે ૫૦ ઓવરમાં કેપ્ટન મોર્ગનની સદી સાથે (૧૦૭ રન) ૬ વિકેટે ૩૩૯ રન બનાવ્યા હતા. જેની સામે સાઉથ આફ્રિકાની ટીમ ૪૫ ઓવરમાં ૨૬૭ રન કરીને ઓલઆઉટ થઈ હતી. આફ્રિકા તરફથી હાસીમ અમલાના ૭૩ અને ડુપ્લેસીસના ૬૭ રન મુખ્ય હતા.

૧લી જૂનથી રાજકોટ-દિલ્હીની વિમાની સેવા સપ્તાહમાં ૬ દિવસ

રાજકોટ–દિલ્હી વચ્ચેની વિમાની સેવામાં તાજેતરમાં મુકાયેલો કાપ દુર કરી દેવામાં આવ્યો છે અને ૧લી જૂનથી ત્રણને બદલે છ દિવસ આ સેવા મળવા લાગશે.

રાજકોટ ખાતેના એર ઈન્ડીયાના અધિકારી એમ.આર.ઝાલાએ એક યાદીમાં કહ્યું છે કે હાલ દર બુધવાર, શુક્રવાર અને રવિવારની દિલ્હીની વિમાની સેવાની ફ્રીકવન્સી વધારવામાં આવી છે. ૧લી જૂનથી સોમ, ગુરુ અને શનિવારે પણ દિલ્હીની વિમાની સેવા મળશે. સપ્તાહમાં એકમાત્ર મંગળવારે જ દિલ્હીની વિમાની સેવા પ્રાપ્ય નહીં રહે. આ ત્રણ દિવસોમાં વિમાન સવારે ૫.૧૫ વાગ્યે દિલ્હીથી ઉપડીને સવારે સાત કલાકે રાજકોટ આવશે જે ૭.૩૫ વાગ્યે રાજકોટથી ઉપડીને સવારે ૯.૨૦ કલાકે દિલ્હી પહોંચશે. બુધ–શુક્ર અને રવિવારની ફલાઈટનો સમય પ્રવર્તમાન સમય મુજબ જ સાંજનો રહેશે.

પાંચ વર્ષમાં ૩૦ રૂપિયામાં પેટ્રોલ મળશે

અમેરિકન નિષ્ણાંતની આગાહીઃ સેલ્ફ કારનું જ ચલણ હશે

નવી દિલ્હી તા.૨૫

પાંચ વર્ષમાં તમે કદાચ રૂા.૩૦ના ભાવે એક લીટર પેટ્રોલ ખરીદ કરતા હશો. આવી રહેલી નવી ટેકનોલોજીથી પેટ્રોલ પરનું અવલંબન એટલું ઘટી જશે કે ભાવ ગગડી જશે.

સૌરઉર્જાની પડતર કિંમત શરૂઆતમાં ઉંચી હતી ત્યારે પણ અમેરિકાના ભવિષ્યવેળા ટોની સેબાએ એના પ્રસારની આગાહી કરી હતી. હવે તેમણે પેટ્રોલના ભાવ તળીયે જવાની આગાહી કરી છે.

સેબા સિરીયલ સિલિકોન વેલીના ઉધોગસાહસિક છે, અને સ્ટેન્ફોર્ડ કન્ટીન્યુઈંગ સ્ટડીઝ પ્રોગ્રામ ખાતે એન્ત્રેપ્રેન્યુઅરશીપ, ડિસરપ્શન અને કિલન એનર્જીના ઈન્સ્ટ્રકટર છે.

સેબા કહે છે કે સેલ્ફ ડ્રાઈવ કારના ઉદયના કારણે તેલની માંગમાં તીવ્ર ઘટાડો થતાં ભાવ ઘટી બેરલના ૨૫ ડોલર થઈ જશે. ૨૦૨૦–૨૧ સુધી કુડની માંગ શિખરે પહોંચશે અને એ પછી ૧૦ વર્ષમાં ૧૦ કરોડ બેરલમાંથી માંગ ઘટી ૭ કરોડ બેરલ થઈ જશે.

સેબાના જણાવ્યા મુજબ લોકો જુની સ્ટાઈલની કાર છોડી નહીં દે પણ સેલ્ફ ડ્રાઈવ ઈલેકટ્રીક વાહનો અર્થતંત્રનો મોટો હિસ્સો બનશે. દોડતા થશે તેમ ઈલેકટ્રીક વાહનો પણ સસ્તા થશે.

ટીમ ઈન્દ્રનીલ દ્વારા ગાયકવાડીમાં લોકહસાયરો

રાજકોટવાસીઓ જીવનમાં હળવાશ રહે તે શુભ આશયથી ધારાસભ્ય શ્રી ઈન્દ્રનીલ રાજયગુરૂના સીધા માર્ગદર્શન હેઠળ જંકશન પ્લોટ, ગાયકવાડી વિસ્તારમાં લોક હસાયરાનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલીયા, હરદેવભાઈ આહીર, સમીરભાઈએ મોડી રાત સુધી વિસ્તારના નાગરીકોને પેટ પકડીને હસાવ્યા હતા.

આ કાર્યક્રમમાં કાશ્મીરાબેન નથવાણી, જશવંતસિંહ ભટ્ટી, નાથાભાઈ કયાડા, નિતીનભાઈ નથવાણી, બકુલભાઈ નથવાણી, નાથાલાલ, પપ્પુભાઈ સિંધી, જગદીશ મગલાણી, સુનિત બિજલાણી સહિતના આગેવાનો ઉપસ્થિત હતા. કોંગ્રેસના કોર્પોરેટરો અતુલ રાજાણી, દિલીપ અસવાણી, ગાયત્રીબા વાઘેલા, ગીતાબેન પુરબીયા, યતિન

જાહેર નોટીસના વાંધાની સામે વળતી નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમો શિવરાજસિંહ ગીરીવરસિંહ રાઠોડે તા. ૧૬–૫–૨૦૧૭ના રોજ જાહેર નોટીસ કમ વેંચાણના સ્વરૂપમાં એક જાહેર નોટીસ આપેલ હતી જેની સામે અરવિંદભાઈ મોહનભાઈ ખૂંટ વિગેરે વતી એડવોકેટ અભિષેક એસ. ગઢીયાએ પ્રત્યુતર આપેલ છે, જેની સામે અમો વળતી નોટીસ આપીને જાહેર કરીએ છીએ કે :–

અમોએ રાજકોટ તાલુકાના ગામ મનહરપુરના રે.સર્વે નં. ૮ પૈકીની જમીન એકર ૧૦.૧૭ ગુંઠા અન્વયે જાહેર નોટીસ આપેલ હતી જેના હરેશભાઈ લઘુભાઈની સહમતીથી આપેલ હતી. હરેશભાઈ લઘુભાઈ પિતાશ્રી લઘુભાઈ ઓધાભાઈને વારસદાર તરીકે ઉપરોકત જમીન મળેલ હતી અને લઘુભાઈ ઓધાભાઈને ઉપરોકત જમીન સ્વપાર્જીત માલીકીની ન હતી અને ઉતરોતર વારસાઈ દરજજે આવેલ હતીજેથી ખેતી વિષયક કાયદા તળે અને હિન્દુ કોડ તળેની કલમોનો અભ્યાસ કરતા જયારે ખેતી વિષયક જમીનનું લે–વેંચ કરવામાં આવે ત્યારે જો ઉતરોતર જમીન પ્રાપ્ત થયેલ હોઈ તો જે વ્યકિતના ભાગમાં જમીન આવેલ હોય તો તેના કુટુંબીજનોની સહમતીથી જમીનનું વેંચાણ થઈ શકે જેથી લઘુભાઈ ઓધાભાઈએ આવી કોઈ જ સંમતિ લીધી ન હતી અને કહેવાતો દસ્તાવેજો કરી આપેલ છે કારણ કે જે દસ્તાવેજ થયેલ છે તે દસ્તાવેજમાં લઘુભાઈ ઓધાભાઈનો જે 'અંગુઠો' બતાવેલ છે તે અંગુઠો શંકાસ્પદ છે, કારણ કે લઘુભાઈ ઓધાભાઈની હૈયાતમાં એફએલએસનો રીપોર્ટ કઢાવેલ હતો જેના દસ્તાવેજનો અંગુઠો શંકાસ્પદ છે તેવું ફલીત થાય છે. લઘુભાઈની હૈયાતીમાં જ અપીલ દાખલ થયેલ હતી અને ડેપ્યુટી કલેકટરશ્રી અણઘડ હુકમ કરેલ છે જે હુકમ અમોએ કલેકટરશ્રીમાં પડકારી છે જે પેન્ડીંગ છે. નામ સીવીલ કોર્ટમાં જે દિ.કે.નાં ૧૦૪/૧૬ તા. ૩૦–૧–૨૦૧૭ના રોજ હુકમ કરેલ છે તે હુકમ પણ અમોએ નામ. ડિસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરેલ છે જે અપીલ પેન્ડીંગ છે અને હરેશભાઈ લઘુભાઈ વિગેરેનો હકક સમાયેલ છે તે હકકને આધીન અમો શિવરાજસિંહ ગીરીવરસિંહ રાઠોડ દાવાના ન્યાય નિર્ણય તથા દિવાની અપીલ તથા કલેકટરશ્રીના હુકમને આધીન જમીન ખરીદવા માગીએ છીએ તેમાં કોઈ જ ષડયંત્ર નથી કે કોઈ કૌભાંડ નથી. હરેશભાઈ લઘુભાઈ વિગેરેએ અરવિંદભાઈ મોહનભાઈ ખુંટ વિગેરે સામે કાયદાકીય પગલા ભરવાની તૈયારી કરી રહ્યા છે અને પોલીસ ફરીયાદ તથા નામ. કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવાની તૈયારી કરી રહયા છે અને અમો શિવરાજસિંહ ગીરીવરસિંહ રાઠોડ ઉપરોકત જમીન શુધ્ધ બુધ્ધિના ખરીદનાર હોય જેથી ઉપરોકત અપીલ તથા દિવાની દાવાના નિર્ણયને આધીન ખરીદનારાઓ છીએ, આથી એડવોકેટ શ્રી અભિષેક ગઢીયાએ આપેલ જવાબનો કોઈ અર્થ રહેતો નથી, તેઓએ દિ.કે.નં. ૧૦૪/૧૬માં દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં કહેવાતા દસ્તાવેજની નકલ રજુ કરેલ નથી જે શંકાસ્પદ છે.

રાજકોટ. તા. ૨૫–૫–૨૦૧૭

અમારા મારફત :

હરેશ લઘુભાઈ
રાઠોડ શિવરાજસિંહજી

નિતેષ વિ. ગોરસીયા એડવોકેટ
"વિનોદ" તાલુકા શાળા નં. ૮ની સામે, સદર, રાજકોટ.

જાહેર નોટીસ

રાજકોટ તાલુકાના ગામ માધાપરના રે. સર્વે નં. ૩૯ પૈકીના રહેણાંક હેતુ માટે બીનખેતીના **"રાધા પાર્ક"** પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૬૪**ની ખુલ્લી જમીન **ચો.મી.આ. ૧૪૨–૫૦** શ્રી મહેશભાઈ નાથાભાઈ માવદીયા તથા કિરીટભાઈ નાથાભાઈ માવદીયા એ તેમના જોગના વે.દ.અનુ.નં. ૨૨૦૪ તા. ૦૨/૦૪/૧૪ના રોજ શ્રી હરકિશન પ્રાણશંકર ત્રિવેદી પાસેથી ખરીદ કરેલ છે અને ત્યારબાદ તે મિલ્કત ઉપર તેઓએ રાજકોટ શહેરી વિકાસ સતામંડળ–રાજકોટમાંથી બાંધકામ વિકાસ માટેની પરવાનગી નં. રૂડા/ટેક/ડેવ/માધાપર/૯/૧૬/૮૦૯ તા. ૧૯/૦૨/૧૬ના રોજથી તથા બિલ્ડીંગ પ્લાન પાસ કરાવેલ છે અને માધાપર ગ્રામ પંચાયતમાંથી ચણતરની પરવાનગી નં. ૨૦૦૭/૧૪ તા. ૧૦/૦૩/૧૬ના રોજથી મેળવેલ છે અને ત્યારબાદ સદર મિલ્કત માંહેથી શ્રી કિરીટભાઈ નાથાભાઈ માવદીયાએ તેમના ૫૦% અવિભાજય હિસ્સાની જમીનનો બક્ષીસ દસ્તાવેજ નં. ૫૪૨૪ તા. ૨૦/૦૮/૧૬ના રોજ શ્રી મહેશભાઈ નાથાભાઈ માવદીયાની તરફેણમાં રજીસ્ટર કરી આપેલ છે અને ત્યારબાદ તેઓએ સદર મેળવેલ બાંધકામ પરવાનગી તથા પ્લાન મુજબ ચણતર કરી એક સરખા બે સેમી ડીટેચ્ડ મકાનોનું બાંધકામ કરેલ છે અને તે મુજબનું બાંધકામ પૂર્ણ કરી રાજકોટ શહેરી વિકાસ સતામંડળ– રાજકોટમાંથી વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવેલ છે અને તે રીતે ત્યારથી સદર બંને મકાન મિલ્કત તેઓની માલીકી કબજા ભોગવટાના આવેલ છે અને સદર બંને મકાન મિલ્કત હાલના માલીક પાસેથી મારા અસીલ ખરીદ કરવા ઈચ્છે છે.

સદર મિલ્કત મારા અસીલના ખરીદ કરવા પરત્વે કે સદર મિલ્કતના ટાઈટલ સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, દર, દાવો, પ્રાઈવેટ પેઢી, ફાયનાન્સ કે બેંકનું લેણું, કરજ, ગીરો, બોજો કે વારસાઈ હકક કે કોઈ ભરણપોષણનો હકક કે કુલમુખત્યારનામાના હકક કે કોઈપણ જાતનો કે કોઈપણ પ્રકારનો વાંધો–તકરાર હોય તો દિન–૮માં નીચેના સરનામે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહ મુદત દરમ્યાન જો કોઈનો વાંધો– તકરાર હોય અને રજુ કરવામાં આવશે નહી તો તેઓએ તેમના વાંધા–તકરાર જતા (વેઈવ) કરેલ છે તેમ માની મારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે આગળની કાર્યવાહીઓ હાથ ધરી જરૂરી કાર્યવાહીઓ પૂર્ણ કરી લેશે અને ત્યારબાદના વાંધા તકરાર અમારા [illegible] લાગતા વળગતાએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા.   /૦૫/૨૦૧૭

હિરેન એમ. શેઠ / અમીત એન. લોકવાણી
એડવોકેટસ
અસીલની જાણ તથા સુચના અનુસાર

અમીત એન. લોકવાણી એડવોકેટ
C/o. શેઠ એડવોકેટસ, ૫, ૬ રાજન બિલ્ડીગ, જયનાથ કોમ્પ્લેક્ષની સામે,
ગોંડલ રોડ, રાજકોટ. મો. નં. ૯૮૯૮૦ ૧૩૭૧૭

જાહેર નોટીસ

જસદણના મહે. જયુ. મેજી. ફ.ક.સા.ની
કોર્ટમાં, મુ.જસદણ
ફો.પ.અરજી નાં. ૧૭૧/૨૦૧૭

ચંદુભાઈ લખમણભાઈ મુળાણી ઉ.વ.પુખ્ત,
રહે. આંબરડી તા. જસદણ જી. રાજકોટ
...અરજદાર

વિ.

જન્મની નોંધના સબ રજીસ્ટારશ્રી આંબરડી ગ્રામ પંચાયત / તા. જસદણ ...સામાવાળા
મુકામ આંબરડી

આ જાહેર નોટીસથી લાગતા વળગતા શખ્સોને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારે તેઓના વકીલ શ્રી એન.ડી.રાઠોડ મારફતે તેમના પુત્ર જનકભાઈ ચંદુભાઈ મુળાણીનો જન્મ તા. ૩/૦૪/૨૦૦૮ના રોજ જસદણ તાલુકાના આંબરડી મુકામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની અદાલત સમક્ષ મુદત તારીખ ૧૬/૦૬/૧૭ના રોજ કલાક ૧૦–૪૫ વાગ્યે હાજર રહેવું. કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૧૬/૦૫/૧૭ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો

હુકમથી
(એમ.બી.પંડયા)
રજીસ્ટાર
જયુ મેજી. ફ.ક.કોર્ટ, જસદણ

જાહેર નોટીસ

જસદણના મહે. જયુ. મેજી. ફ.ક.સા.ની
કોર્ટમાં, મુ.જસદણ
ફો.પ.અરજી નાં.   /૨૦૧૭

જીવીબેન જીવરાજભાઈ રૂપારેલીયા ઉ.વ.પુખ્ત
રહે. વિરનગર, તા. જસદણ જી. રાજકોટ
...અરજદાર

વિ.

જન્મની નોંધના સબ રજીસ્ટારશ્રી વિરનગર ગ્રામ પંચાયત / તા. જસદણ મુકામ વિરનગર
...સામાવાળા

આ જાહેર નોટીસથી લાગતા વળગતા શખ્સોને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારે તેઓના વકીલ શ્રી એન.ડી.રાઠોડ મારફતે અરજદાર જીવીબેન જીવરાજભાઈ રૂપારેલીયા પોતાનો જન્મ તા. ૧૦/૧૨/૧૯૭૦ ના રોજ જસદણ તાલુકાના વિરનગર મુકામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની અદાલત સમક્ષ મુદત તારીખ ૨૩/૦૬/૧૭ના રોજ કલાક ૧૦–૪૫ વાગ્યે હાજર રહેવું. કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૨૪/૦૫/૧૭ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો

હુકમથી
ઈ/ચા. સંજય ડી. કાસેલા
રજીસ્ટાર
જયુ મેજી. ફ.ક.કોર્ટ, જસદણ